## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ના ભઈલા... દારૂ તો આવો જ આવવાનો... ખાલી કાયદો કડક કરવા માંગણી કરી છે...!!!

# ભાજપ દ્વારા ૪ વિધાનસભા મતવિસ્તારોમાં સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૭

ભારતીય જનતા પાર્ટી દ્વારા ચાર વિધાનસભા બેઠકોમાં દિપાવલી પર્વના સ્નેહમિલન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

૯મીએ ગાંધીનગર (દ), ૧૦મીએ માણસા વિધાનસભા, ૧૧મીએ કલોલ વિધાનસભા તેમજ ૧૨મીએ દહેગામ વિધાનસભા મત વિસ્તારના સંમેલનો યોજવામાં આવશે.

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જિલ્લા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, નવા વર્ષના સ્નેહ મિલન સંમેલન ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા વિસ્તારમાં યોજવાનું આયોજન કરેલ છે. આ સંમેલનમાં પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, જિલ્લા પ્રભારી રમણજી સોલંકી, પ્રભારી મંત્રી નિર્મળાબેન વાઘવાણી, જિલ્લા પ્રમુખ નૈલેષભાઈ શાહ, મહામંત્રીઓ તેમજ વિધાનસભા વિસ્તારમાં રહેતા સૌ પદાધિકારીઓ, સીનીયર આગેવાનો, ધારાસભ્યો, સક્રિય કાર્યકર્તાઓ તેમજ બુથ સમિતિના સભ્યો હાજર રહેશે.



શહેરમાં ધુમ્મસ - ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ નગર પણ બને છે અને સૌથી ગરમ નગર પણ બને છે... તાપમાનના આંકડા મહત્તમથી લઘુતમ સુધીના છેડે અડે છે... પરંતુ ધુમ્મસ પણ ગાંધીનગર સૌથી વધુ થાય છે... શહેરના માર્ગો પર વહેલી સવારે અને રાત્રિના સમયે ભેજના થરથી વાતાવરણ ધુંધળુ બની જાય છે... રાહદારીઓ અને વાહનચાલકો માટે સવારે ગાંધીનગર શહેરમાં માર્ગ વહન કોયડો બને છે...

# શહેરની સિવિલ હોસ્પિટલમાં ફરીવાર લીફટમાં પાણી ભરાતા ૩ લીફટ બંધ : દર્દીઓ હેરાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલને આધુનીક બનાવવા સરકાર દ્વારા કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. છતાં સરકારના રૂપીયા પાણીમાં ગયા હોય તેવું લાગી રહ્યું છે. હોસ્પિટલની નવી બિલ્ડીંગમાં રોજ નીત નવા ધાંધિયા બહાર આવે છે. હોસ્પિટલમાં નવી ઈમારતમાં કાર્યરત લીફટમાંથી ૩ લીફટમાં ફરીવાર પાણી ભરાઈ જતાં ગતરાત્રીથી તંત્રએ લીફટો બંધ કરવાની ફરજ પડી છે. શહેરમાં ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ, કમળા સહિત ચિકનગુનીયાએ હાહાકાર મચાવ્યો છે. હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. તેવા સંજોગોમાં લીફટ બંધ રહેતા દર્દીના સ્વજનો તેમજ અન્ય લાભાર્થીઓને તમામને ચડવા-ઉતરવાનો વારો આવ્યો છે. માત્ર એક લીફટ કાર્યરત રહેતા તેમા ભારે ભીડ જોવા મળે છે. ત્યારે તે પણ ગમે તે ઘડીએ બંધ થાય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

ગાંધીનગરના મેડીકલ કોલેજ સંચાલીત હોસ્પિટલમાં માત્ર વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને સુવિધા પુરી પાડવામાં આવતી હોય તેવું ચિત્ર ઉપસ્યુ છે. બાકી હોસ્પિટલમાં આવતા દર્દીઓને માળખાકીય સુવિધા મેળવવામાં પણ ફાંફા પડી રહ્યા છે. તંત્રના સત્તાધિશો દ્વારા હોસ્પિટલ પ્રત્યે દુર્લક્ષ સેવાતુ હોય તેમ કોઈપણ સમસ્યાનું નિરાકરણ તુરંત કે કાયમી ધોરણે લાવવામાં આવતું નથી. કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલી નવી ઈમારતમાં રોજ ફરીયાદો ઉઠે છે. અત્યારના સમયે વોર્ડ જર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. શહેરમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. ત્યારે દર્દીઓનો હોસ્પિટલમાં ભારે ધસારો છે. તેવા સમયમાં જ હોસ્પિટલની નવી ઈમારતમાં કાર્યરત લીફટમાંથી ૩ લીફટમાં પાણી ફરીવાર ભરાઈ જતાં તાત્કાલિક અસરથી તંત્રએ બંધ કરવાની ફરજ પડી છે. ત્યારે દર્દીઓ તેમજ લાભાર્થીઓને સીડી ચડવા ઉતરવાનો વારો આવે છે. માત્ર એક લીફટ કાર્યરત રહેતા લાભાર્થીઓમાં રોષ વ્યાપ્યો છે. તેવા સમયમાં લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યાથી ક્યારે છુટકારો મળશે તેની રાહ જોઈને લાભાર્થીઓ બેઠા છે. તો બીજી તરફ સરકારના કરોડો રૂપીયા પાણીમાં ગયા હોય તેવો અહેસાસ દર્દીઓને થઈ રહ્યો છે.

## સે-૨ પેન્શનર્સ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સેકટર-૨ ખાતે વસવાટ કરતા પેન્શનર્સ મિત્રોનો સ્નેહમિલન કાર્યક્રમ આગામી તા. ૧૦ નવેમ્બર ગુરુવારના રોજ બપોરના ૪.૩૦ કલાકે શોપીંગ સેન્ટર સામેના બગીચામાં આયોજન કરવામાં આવ્યું છે તો સેકટર-૨ના પેન્શનર્સ મિત્રોને ઉપસ્થિત રહેવા કાર્યવાહક સમિતિના નિરંજન ઓઝાએ અનુરોધ કર્યો છે.

# શહેરમાં એલ ઈ ડી લાઈટના પ્રોજેકટ માટે ૨૧મીએ ટેન્ડર ઓપન થશે

**શહેરમાં એલ ઇ ડી લાઇટ માટે૧૯ હજાર ફીટીંગ કરાશે : એજન્સીને વિજળીની બચતમાંથી જ રકમ ચુકવાશે : ૭ વર્ષ સુધી જાળવણીની જવાબદારી પણ એજન્સીના માથે રહેશે**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરના રસ્તાઓ પર એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાશે. એલ ઈ ડી લાઈટના પ્રોજેકટ માટે રૂ ૧૩ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જયારે આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી તા ૨૧ નવેમ્બરના રોજ ટેન્ડર ઓપન થશે. શહેરના મુખ્ય માર્ગો સહીત આંતરિક રસ્તાઓ પર એલ ઈ ડી લાઈટનુ સફેદ અજવાળુ પથરાશે. જો કે એલ ઈ ડી લાઈટના પ્રોજેકટ પાછળ સરકારે એક પણ રૂપિયો ખર્ચવો નહીં પડે સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ પણ એજન્સીને જ સોંપવામાં આવ્યુ છે. વિજળીની બચતમાંથી જ જવાબદાર એજન્સીને નાંણાની ચુકવણી કરવામાં આવશે.

ગાંધીનગરમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના પોલ્સ છે. જયારે હાલ ટોરેન્ટ પાવર લી દ્વારા સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ સંભાળવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં સ્ટ્રીટ લાઈટ બંધ હોવાની ફરિયાદો વધી છે. જયારે એક અંદાજ મુજબ સેકટરોમાં ૪૦ ટકા સ્ટ્રીટ લાઈટો બંધ જ રહેતી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. એકબાજુ ટોરેન્ટ પાવરને સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ સંભાળવામાં રસ નથી. ત્યારે પાટનગર યોજનાના ઈલેકટ્રીક વિભાગ દ્વારા શહેરમાં સ્ટ્રીટ લાઈટની સુવિધાને અપગ્રેડ કરવા માટે નવી એજન્સીને નિયત કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેમાં એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ મુખ્ય છે. આ માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ ટેન્ડર આગામી તા ૨૧ નવેમ્બરના રોજ ઓપન થશે. ત્યારબાદ એજન્સી નિયત કરાશે.

શહેરના મુખ્ય અને આંતરિક માર્ગો સહીતના વિસ્તારમાં એલ ઈ ડી લાઈટના ૧૯ હજાર ફીટીંગ કરવામાં આવશે. એલ ઈ ડી પ્રોજેકટનુ કામ સંભાળનાર એજન્સીએ ૭ વર્ષ સુધી જાળવણી કરવાની રહેશે. જયારે એજન્સીને સીધી રીતે એકપણ રૂપિયો ચુકવવામાં આવશે નહીં. પરંતુ એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના આધારે વીજ બચતમાંથી રકમ ચુકવાશે. જેથી સરકારના માથે કોઈ આર્થિક ભારણ રહેશે નહી. એલ ઈ ડી લાઈટના પ્રોજેકટ માટે ટેન્ડરની કીંમત ૧૩ કરોડની નિયત કરવામાં આવી છે. પરંતુ ઉંચા રકમનુ ટેન્ડર ખુલે તેવી પણ સંભાવના છે.

# શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા વિશ્વ કલ્યાણ યાત્રી પુસ્તિકાનું વિમોચન

**સંસ્થા દ્વારા શિક્ષણક્ષેત્રે તેમજ અંધજન મંડળને ચેસ ટુર્નામેન્ટ માટે ૮ લાખના દાનના ચેક અર્પણ કરાયા**

અમદાવાદ, તા. ૭

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરૂષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં



શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે લબ્ધ પ્રતિષ્ઠ શિક્ષણ શાસ્ત્રી અને ઉ.ગુ. યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. દાઉદભાઈ ઘાંચીના અંતરબોલ પર આધારિત ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં 'વિશ્વ કલ્યાણ યાત્રી' પુસ્તિકાનું લોકાર્પણ પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજ, ડૉ. દાઉદભાઈ ઘાંચી અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જ્હાએ કર્યુ હતુ. ઉપરાંત સંસ્થાન દ્વારા શિક્ષણક્ષેત્રે તેમજ અંધજન મંડળને મેસ ટુર્નામેન્ટ માટે રૂ. આઠ લાખના દાનના ચેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં અર્પણ કરાયા હતા.

ડૉ. દાઉદભાઈ ઘાંચીએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યુ હતુ કે પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે નાતજાત, કલરભેદ વિગેરે ભેદભાવથી પર રહીને ફક્ત માનવ કલ્યાણ માટે વિશ્વ કલ્યાણ યાત્રી તરીકે ૨૦ લાખ કિ.મી.નો પ્રવાસ કરીને વિશ્વને શાંતીની પ્રેરણા આપતો સંદેશ પહોંચાડ્યો છે.

ભાગ્યેશભાઈ જ્હાએ જણાવ્યું હતું કે ભારતની સંસ્કૃતિનો જગતને પરિચય કરાવા પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજ સતત વિશ્વમાં ખૂણે ખૂણે પ્રસરાવી રહ્યા છે.

પુસ્તિકાનું સંકલન ડૉ. રીઝવાન કાદરીએ કર્યુ છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં સાહિત્ય તેમજ શિક્ષણક્ષેત્રે સંકળાયેલ નાગરીકો હાજર રહ્યા હતા.

# આદીવાડામાં ગટરો ઉભરાતા ગ્રામજનો આંદોલનના મુડમાં

**ગટરોના ગંદા પાણી માર્ગ પર ફરી વળતા ગ્રામજનોના આરોગ્ય સામે પણ ખતરો**

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આદિવાડા ગામને હજુ પણ પાયાની સુવિધા પ્રાપ્ત થઈ રહી નથી. શહેર નિર્માણ થયે પાંચ દાયકાઓ વિતી ગયા છતા શહેરમાં સમાવાયેલા ગામડાઓની સ્થિતિ દયાજનક છે. ત્યારે આદીવાડામાં ગટરો ઉભરાતા પાણી માર્ગ પર ફરી વળતા ઠેરઠેર ગંદા પાણીના ખાબોચીયા ભરાયા છે. નાગરીકોને ગંદા પાણીના સરોવરમાંથી પસાર થવાની ફરજ પડે છે. ગંદકીને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધતા ગ્રામજનો રાતની નીંદર પણ માણી શકતા નથી. ત્યારે મેલેરીયા, ડેન્ગયું, ટાઈફોઈડ જેવા રોગો આ વિસ્તારમાં માથું ઉંચકે તો નવાઈ નહી..આદિવાડાના રહીશોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે. ગામમાં ઉભરાતી ગટરો ઝડપથી બંધ નહી થાય તો આગામી સમયમાં તંત્ર સામે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ ગ્રામજનો જણાવી રહ્યા છે.

ગાંધીનગર શહેર મહાનગર પાલિકા વોર્ડ નં-૩ માં સમાવિષ્ટ આદિવાડા ગામમાં છાશવારે ગટરો ઉભરાવવાના કિસ્સા બનવા પામે છે. છતા પણ તંત્ર દ્વારા કાયમી નિરાકરણ લાવવામાં આવતુ નથી. ગામમાં ગટરો ઉભરાવાનો સિલસિલો આંતરે દિવસે બને છે. છેલ્લા કેટલાય દિવસથી ગામની માર્ગ વચાળે આવેલી ૩ ગટરો ઉભરાતા ગામના રહીશો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. શહેરમાં રોગચાળો કાબુમાં આવતો નથી તેવા સમયે ગટરો ઉભરાતા ગંદા પાણી રોડ પર ફરી વળતા રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે. ગંદા પાણીને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધતા શાંતિથી નિંદર પણ ગ્રામવાસીઓ માણી શકતા નથી. ત્યારે મચ્છરોના ત્રાસથી રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત છે. આદિવાડાના ગ્રામજનોના માથા પર ખતરો ઝંળુબી રહ્યો છે. આ ગટરો ઉભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ નહી આવે તો ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે. અત્યારે હાલ તો ગટરોના ગંદા પાણીનો તંત્ર દ્વારા યોગ્ય ઉકેલ લાવવામાં આવે તેવુ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

# ડિસેમ્બરના પ્રારંભે જ કાતિલ ઠંડી પડશે

ગાંધીનગર, તા. ૭

નવેમ્બર માસના પ્રારંભે જ ઠંડી પડવાની શરૂઆત થઈ ચુકી છે. હજુ આગામી દિવસોમાં આકરી ઠંડી પડવાની સંભાવના છે. ડિસેમ્બર માસના પ્રારંભે જ કાતિલ ઠંડીના યોગો સર્જાયા છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે મકરનો મંગળ હોવાથી આ વખતે દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ટોચના ભાગોમાં બરફ જામે અને ધીરે ધીમે શિયાળાના પવનો ફુંકાય. જો કે હજુ ઠંડીની શરૂઆત એટલી બધી ન ગણાય. ઉત્તરીય પર્વતીય પ્રદેશો અંગે જોઈએ તો હજુ સવારના ભાગમાં હવામાન ધુંધળુ રહે. દિલ્હી, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના ભાગોમાં હવામાનમાં પલ્ટા આવતા જણાય. નવેમ્બર તા. ૧૨ થી ૧૫માં પવન ફુંકાય અને દરિયો તોફાની બને, દેશના દક્ષિણ પૂર્વિય તટમાં બંગાળના ઉપસાગરમાં હવાના દબાણ ઉભા થવાની વકી રહે જેને લીધે આંધ્ર-ઓરિસ્સા અને તામિલનાડુના ભાગોમાં ભારે વરસાદ થઈ શકે. જ્યારે નવેમ્બર તા. ૧૯ થી ૨૪માં બંગાળના ઉપસાગરમાં હવાનુ દબાણ ઉભુ થવાની વકી રહે અને ચક્રવાત સર્જાવાની ભિતી રહે. કારણ કે ઉત્તરના ઠંડા પવનો સાગરના પવનોની વિશિષ્ટ અસમાનતાથી વંટોળ ઉભા થવાની વકી રહે. ગુજરાત, સૌરાષ્ટ્રના ભાગોમાં પણ આ અરસામાં હવામાન કથળી જવાની વકી રહે. જ્યારે ડિસેમ્બર તા. ૩ થી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશમાં હિમવર્ષા સાથે કેટલાક ભાગોમાં સખત ઠંડી પડે. ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ડિસેમ્બરની શરૂઆતમાં ઠંડી પડે. જ્યારે તા. ૨૨ ડિસેમ્બર પછી ઉત્તર પર્વતીય પ્રદેશમાં ભારે હીમવર્ષાનો દોર રહે. જેના લીધે ગુજરાત, સૌરાષ્ટ્રમાં ગાત્રો થીજવતી ઠંડીની વકી રહે. કોઈ કોઈ ભાગોમાં ૮ ડિગ્રીથી નીચે ન્યૂનતમ તાપમાન ઘટી શકે. ડિસેમ્બરની શરૂઆતમાં દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન વગેરે ભાગોમાં ધુમ્મસ થાય. જેની અસર વાહનવ્યવહાર પર થાય.

# ચાણસ્મા મણીયારી ગામે દલિતો પર થયેલા હૂમલાને ગાંધીનગર દલિતસેનાએ વખોડી કાઢ્યો

ગાંધીનગર, તા. ૭

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના મણીયારી ગામે દિવાળીના દિવસે ફટાકડા ફોડવાની સામાન્ય બાબતે ગામના અન્ય લોકો સાથે માથાકુટ થઈ હતી. જેમાં દલિત સમાજના ત્રણ વ્યક્તિઓને માર મારી જાનથી મારી નાંખવાનીધમકી આપી ઘરમાં તોડફોડ કરી પલાયન થઈ ગયા હતા. દલિત સમાજના વ્યક્તિઓ પર થયેલા અત્યારને ગાંધીનગર જિલ્લા દલિતસેનાએ વખોડી કાઢ્યો છે.

પાટણ જિલ્લાના મણીયારી ગામે દલિતો પર થયેલા હૂમલાને પગલે દલિત સેનાના બાબુભાઈ મેસરવાલા, ગુ.પ્ર. પ્રભારી મુકેશ ગુર્જર, ગુ.પ્ર.પ્ર. ડી.બી. પરમાર, તેમજ અન્ય સભ્યો કનુભાઈ, દલપતભાઈ, તુલસીભાઈ, મહેશભાઈએ તાજેતરમાં પાટણ ધારપુર હોસ્પિટલમાં જઈ હૂમલામાં ઘાયલ થયેલા દર્દીઓને રૂબરૂ મળી ખબરઅંતર પુછ્યા હતા. તેમજ મણીયારી ગામે જઈ તપાસ કરી હતી. જેમાં જાણવા મળ્યુ હતુ કે દિવાળીના દિવસે દલિત મહોલ્લા આગળ ગામના એક જુથના લોકો ફટાકડા ફોડતા હતા. તેઓને ફટાકડા ફોડવાની ના પાડતા ઉશ્કેરાયેલા જુથે હૂમલો કરી દલિતોને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનું જાણવા મળ્યુ હતુ. સામાન્ય તકરાર બાદ જે તે સમયે સમાધાન પણ થયુ હતુ. પરંતુ અંગત અદાવત રાખી હૂમલો કર્યો હોવાનું ઘાયલ દલિતો જણાવી રહ્યા છે. જ્યારે કેટલાક દલિત પરિવારો ભયના માર્યા ગામ છોડી હિજરત કરી ગયા છે. ત્યારે દલિત પરિવારોને રક્ષણ, ન્યાય મળે તેમજ ગુનેગારોને તાત્કાલિક અસરથી ધરપકડ કરવા તંત્ર પાસે ચર્ચા કરી હતી. આ હૂમલા અંગે દલિત સેનાના આગેવાનોએ આ ઘટનાને વખોડી કાઢી હતી.

# ગાંધીનગર ખાતે આજથી ચાર દિવસીય અર્બન મોબીલીટી ઈન્ડિયા કોન્ફરન્સ

ગાંધીનગર, તા. ૭

રાજ્ય અને દેશમાં વાહન વધારો થતાં પ્રદૂષણ ટ્રાફિક અને શહેરી પરીવહનની સમસ્યાના ઉકેલ માટે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા આવતીકાલે મહાત્મા મંદિર ખાતે અર્બન મોબિલીટી ઈન્ડિયા કોન્ફરન્સનો પ્રારંભ થશે. આ કોન્ફરન્સ ચાર દિવસ ચાલશે.

આવતીકાલથી શરૂ થનાર અર્બન મોબીલીટી ઈન્ડિયા કોન્ફરન્સ અંગેની વિગતો આપતા કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલયના શહેરી પરિવહન વિભાગના ડિરેક્ટર આર.કે. સિંઘે જણાવ્યું હતુ કે અર્બન મોબીલીટી ઈન્ડિયા કોન્ફરન્સની વર્ષ ૨૦૦૫માં શરૂઆત થઈ ત્યારથી પ્રથમ વખત તે દિલ્હીની બહાર યોજાઈ રહી છે. અગાઉથી બધી જ આઠ કોન્ફરન્સ શહેરી પરિવહન સંબંધિત વિવિધ વિષયો પર દિલ્હીમાં જ યોજાઈ હતી. આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ શહેરમાં પરિવહન સારૂ બને તે માટે શહેરી પરિવહન આયોજન માટે શહેરના સત્તામંડળોની ક્ષમતામાં વધારો કરવાનો છે.

તેમણે જણાવ્યુ હતુ કે અર્બન મોબિલીટી ઈન્ડિયાની આ નવમી આવૃતિની થીમ પ્લાનીંગ મોબિલીટી ફોર સિરીઝ સસ્ટેનિબિલીટી રાખવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત યોજાનાર વિવિધ ચર્ચાઓમાં શહેરી બસ સેવામાં સુધારો મેટ્રો સિસ્ટમ માટે ભંડોળ વ્યવસ્થા લો કાર્બન ટ્રાન્સપોર્ટ માટે મોબિલીટી પ્લાનીંગ ગુજરાત મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સ્માર્ટ સિરીઝ માટે પરિવહન સ્માર્ટ અર્બન મોબિલીટી પ્લાનીંગ માર્ગ સલામતી વગેરે વિષયોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર ખાતે યોજાઈ રહેલી આ કોન્ફરન્સમાં ગુજરાત મહારાષ્ટ્ર ગોવા મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાંથી ૧૦૦૦થી વધારે મેયરો અને કાઉન્સિલરો ભાગ લઈ રહ્યા છે. જે એક વિશેષ બાબત છે એમ તેમણે જણાવ્યુ હતુ. અને ઉમેર્યુ હતુ કે આ ચાર દિવસીય કોન્ફરન્સમાં ભારત અને ૨૫ દેશોના ૨૫૦૦થી વધુ ડેલિગેટ્સ હાજરી આપશે.

તેમણે જણાવ્યુ હતુ કે કોન્ફરન્સ સામે યોજાનાર એક્ઝિબિસનમાં ટ્રાન્સપોર્ટ ક્ષેત્રની ટેકનોલોજી પુરી પાડતી ૨૫થી વધુ દેશ અને વિદેશની કંપનીઓ તેમની ટેકનોલોજીનું નિદર્શન કરશે કે જેથી નીતિ ઘડનારાઓ અને રાજ્ય તથા શહેરી સત્તામંડળોમાંથી હાજર રહેલા વહીવટી અધિકારીઓ તેને અમલમાં મુકી શકે.

આવતીકાલથી શરૂ થનાર અર્બન મોબીલીટી ઈન્ડિયા કોન્ફરન્સનું ઉદ્ઘાટન કેન્દ્રના શહેરી વિકાસ મંત્રી વેંકૈયાનાયડુ કરશે.




